# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૧ તા.૪-૦૫-૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ધોરણ : ૧-૨ અને ૩ થી ૫ માં વિષય શિક્ષક અને તાસ પદ્ધતિના અમલ અંગેની માર્ગદર્શક સૂચનાઓ બાબત.

સંદર્ભ :- ક્રમાંક : જીસીઈઆરટી/સી&ઈ/૨૦૧૯/ કેમ્પ/૦૧૨ ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, વિદ્યાભવનનો તા.૨-૦૫-૧૯નો પત્ર

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભે જણાવવાનું કે, ધો૧ થી ૨ પ્રજ્ઞાઅભિગમ અંતર્ગત વિષય શિક્ષક પદ્ધતિ, અમલમાં હતી ત્યારબાદ ધો.૩ થી ૫માં પણ તાસ અને વિષય શિક્ષક પદ્ધતિનો અમલ ચાલુ કરવામાં આવેલ છે. સામેલ સંદર્ભિત પત્ર મુજબ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦માં દરેક શાળાઓમાં ધોરણ અને વિષય ફાળવણીમાં મુદ્દા નં.૧ થી ૫ નો ચુસ્ત અમલ કરવાનો રહેશે.

બિડાણ - સંદર્ભિત પત્ર.

તા.૪-૦૫-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ક્રમાંક: જીસીઇઆરટી/સી&ઈ/2019/ ડેસ્ક-૫/૦૧૨
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, વિદ્યાભવન,
સેક્ટર-12, ગાંધીનગર.
ફોન: (079) 23256808-39
ફેક્સ: (079)23256812
ઇ-મેઇલ: gcert12@gmail.com

2-5-19

પ્રતિ,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી-તમામ
શાસનાધિકારી – તમામ

વિષય: ધોરણ 1-2 અને 3 થી 5 માં વિષયશિક્ષક અને તાસ પદ્ધતિના અમલ અંગેની માર્ગદર્શક સૂચનાઓ

સંદર્ભ: 1. આ અંગેનો પરિપત્ર: જી.સી.ઈ.આર.ટી./સી & ઈ/૨૦૧૮/૨૧૯૯૦-૨૨૦૫૯ તા. ૨૪-૯-૨૦૧૮

2. સર્વ શિક્ષા અભિયાનનો પરિપત્ર: SSA/QE Cell/2018/24720-758 તા. 24-7-2018

ઉપરોક્ત વિષય સંદર્ભે આપ સુવિદિત છો એ મુજબ ધોરણ 1-2 માં પ્રજ્ઞા અભિગમ અંતર્ગત વિષય શિક્ષક પદ્ધતિ અમલમાં હતી. ત્યારબાદ સંદર્ભ 1 અને 2 માં દર્શાવ્યા મુજબ ધોરણ 3 થી 5 માં પણ તાસ અને વિષય શિક્ષક પદ્ધતિનો અમલ ચાલુ કરવામાં આવ્યો છે.

આ અંગે આગામી શૈક્ષણિક વર્ષ 2019-20 માં દરેક શાળાઓમાં ધોરણ અને વિષય ફાળવણીમાં નીચેની બાબતોનું ધ્યાન રાખવા વિનંતી છે.

1. જે શિક્ષકોએ વર્ષ 2018-19 માં પ્રજ્ઞા વર્ગોમાં શિક્ષણકાર્ય કરાવ્યું છે તેઓ જ આગામી વર્ષ 2019-20 માં પણ પ્રજ્ઞા વર્ગો લેશે.
2. જે શિક્ષકો વર્ષ 2018-19 માં ધોરણ 3 થી 5 માં જે વિષયો ભણાવતા હતા તે શિક્ષકો વર્ષ 2019-20 માં પણ એ જ વિષયો ભણાવશે. એટલે કે આ વર્ષે ધોરણ 3 થી 5 માં જે શિક્ષક ગુજરાતી ભણાવે છે તે જ શિક્ષક આગામી વર્ષે પણ ધોરણ 3 થી 5 માં ગુજરાતી ભણાવશે.
3. જરૂર જણાયે ધોરણ 3 થી 5 માં ધોરણની ફાળવણી બદલી શકાય પરંતુ વિષય ન બદલવા. દાખલા તરીકે 2018-19 મા એક શાળાના ધોરણ 3 ના વર્ગશિક્ષક ધોરણ 3 થી 5 માં ગણિત ભણાવે છે, એ શિક્ષક 2019-20 માં ધોરણ 4 અથવા 5 ના વર્ગશિક્ષક થઇ શકે પરંતુ એમણે ધોરણ 3 થી 5 નું ગણિત ભણાવવાનું છે.
4. સંદર્ભ દર્શિત 2 ના પત્ર દ્વારા ગત વર્ષે આપેલ સૂચનાને બદલે આગામી વર્ષે પ્રજ્ઞા અંતર્ગત કોઇપણ એક ટુકડીમાં ધોરણ 1 અને 2 ના વિદ્યાર્થીઓને ભેગા રાખીને વિષય શિક્ષક દ્વારા જ શિક્ષણ કાર્ય કરાવવું. જે શાળામાં ધોરણ 1-2 માટે એક જ શિક્ષક હોય ત્યાં બન્ને ધોરણના વિદ્યાર્થીઓ એક દિવસ ગુજરાતી અને એક દિવસ ગણિતનું અધ્યયન કરશે. જે શાળામાં બે શિક્ષકો હોય ત્યાં મોડેલ -1 મુજબ એક ગુજરાતી શિક્ષક અને એક ગણિત શિક્ષક હશે. એક વર્ગમાં ધોરણ 1-2 ના અડધા વિદ્યાર્થીઓ ગુજરાતી ભણશે અને બીજા વર્ગમાં ધોરણ 1-2 ના

બાકીના વિદ્યાર્થીઓ ગણિત ભણશે. આમ પ્રજ્ઞા અંતર્ગત હવે ધોરણ 1 અને 2 ને અલગઅલગ રાખીને ભણાવવાના નથી.

5. શિક્ષકની બદલી કે અન્ય વહીવટી કારણોસર ઉપરોક્ત સૂચનાઓનો અમલ શક્ય ન હોય તો શાળાના મુખ્ય શિક્ષક સંબંધિત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીના પરામર્શનમાં રહીને, આ સૂચનાઓનુ હાર્દ જળવાઇ રહે તે મુજબ ફેરફાર કરી શકે.

ઉપરોક્ત બાબતોને ધ્યાને લઇને વિષય શિક્ષક પદ્ધતિના મૂળભૂત હેતુઓ અને તેનું હાર્દ સમજીને આપની સમગ્ર ટીમ (Dy DPEO/Dy AO, TPEO, ADEI/Supervisor, BRC/URC-CRC Co., BRP, Head Teacher, Teachers) અવગત થાય તે માટે આપના જિલ્લાની ધોરણ ૧ થી ૫ ના વર્ગો અને શિક્ષકોની માહિતીના આધારે પ્રત્યેક શાળાદીઠ અમલવારી માટેનું સૂક્ષ્મ આયોજન કરવું અને તેને અનુરૂપ હેન્ડ હોલ્ડિંગ કરવું.

નિયામક
જી.સી.ઈ.આર.ટી.

નિયામક
પ્રાથમિક શિક્ષણ

નકલ રવાના – (સવિનય જાણ સારૂં)

- માન. સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, ગાંધીનગર
- માન. એસ.પી.ડી.શ્રી, એસ.એસ.એ. ગુજરાત

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૧-A તા.૦૪-૦૫-૨૦૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :-ધો.૨ના વિદ્યાર્થીઓની શૈક્ષણિક ઉપલબ્ધિ માટે સ્વૈચ્છિક સમયદાન બાબત.
સંદર્ભ :-પ્રા.શિ.નિ./સંકલન/૨૦૧૯/૨૦૯૪-૨૧૪૭ તા.૪-૫-૧૯નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, ગત ફેબ્રુઆરી થી એપ્રિલ -૨૦૧૯ દરમ્યાન ધો.૨ના વિદ્યાર્થીઓને વાંચન, ગણન અને લેખનમાં મૂળભૂત કૌશલ્ય શીખવવા માટે નિદાન અને ઉપચારાત્મક શિક્ષણ કાર્યક્રમનો અમલ કરાવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત આપ સૌ તેમજ પ્રાથમિક શિક્ષણ સાથે સંકળાયેલા તમામે ખૂબ જ સરાહનીય કાર્ય કર્યુ છે. જેના પરિણામે ધો.૨ના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સિદ્ધિમાં ખૂબ જ સારો સુધારો જોવા મળ્યો છે.

આમ, છતાં હજુ પણ કેટલાંક વિદ્યાર્થીઓ વાંચન, ગણન અને લેખનમાં અપેક્ષિત સિદ્ધિ પ્રાપ્ત કરી શક્યા નથી. ધો.૨ના ઉપચારાત્મક શિક્ષણનો મુખ્ય હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે આગામી વર્ષે ધો.૩માં દાખલ થનાર એક પણ વિદ્યાર્થી એવો ન હોય કે જે વાંચન, લેખન અને ગણનમાં અપેક્ષિત સિદ્ધિ સ્તરે ન પહોંચ્યો હોય. આમ, હજુ પણ કેટલાક વિદ્યાર્થીઓને લીધે આપણો હેતુ પૂર્ણ રૂપે સિદ્ધિ થતો નથી.

આગામી તા.૬ મે થી ૧૦ જુન સુધી ઉનાળું વેકેશન છે. તેથી જે વિદ્યાર્થીઓએ હજુ પણ અપેક્ષિત સિદ્ધિ પ્રાપ્ત નથી કરી તેવા વિદ્યાર્થીઓ આવતા વર્ષે ધો.૩માં મુશ્કેલી ન અનુભવે એ માટે વેકેશન દરમ્યાન તેઓને ૨૫ દિવસ સુધી રોજના બે કલાકનું શૈક્ષણિક કાર્ય કરાવી શકીએ. માત્ર બીજા ધોરણના વિદ્યાર્થીઓ માટે સ્વૈચ્છિક ધોરણે શાળાઓ ચાલુ રહે તેમ કરી શકાય. આવા ઉમદા શૈક્ષણિક હેતુ માટે શિક્ષકો, નિવૃત્ત શિક્ષકો, સી.આર.સી. - યુ.આર.સી. કો-ઓ., બ્લોક રિસોર્સ પર્સન વગેરે સ્વૈચ્છિક રીતે સમયદાન કરે તેવી અપીલ કરવામાં આવે છે.

આ અંતર્ગત એ ધ્યાને રાખશો કે કોઈપણ તબક્કે કોઇ પણ વ્યકિત માટે કે શાળા માટે કશું પણ ફરજીયાત કરવાનું નથી. જે વ્યકિતઓ આપણો હેતુ સમજીને સ્વૈચ્છિક રીતે સમયદાન કરવા તૈયાર હોય તેમને જ આ કાર્યમાં જોડવાના રહેશે.

જો શાળાઓમાં ધો.૨ના શિક્ષક સિવાયના વ્યકિત સમયદાન કરતાં હોય તો બાળકોની શૈક્ષણિક સ્થિતિ - પ્રગતિ અંગે તેમણે ધો.૨ના શિક્ષક સાથે દરરોજ રૂબરૂ અથવા ટેલિફોનિક પરામર્શ કરવું.

તમારી શાળામાં સમયદાન કરનાર સ્વયંસેવકોના નામ, મોબાઇલ નંબર, જે તે શાળાનું નામ, કયા સમય દરમ્યાન ઉપચારાત્મક કાર્ય ચાલશે તે વગેરે વિગતો તા.૮-૫-૨૦૧૯ સુધીમાં તમારા ઝોનના મદદનીશ શાસનાધિકારીશ્રીને મોકલી આપવાની રહેશે.

સ્વૈચ્છિક સમયદાન કરવા તૈયાર તમામ વ્યક્તિઓને બાયસેગના માધ્યમથી માર્ગદર્શન આપવામાં આવશે તથા સારા હેતુ માટે તેમણે કરેલા કાર્ય બદલ પ્રશસ્તિપત્ર પણ આપવામાં આવશે. આ સમગ્ર ઉપક્રમ તદ્દન સ્વૈચ્છિક ધોરણે હોવાથી કોઇ જગ્યાએ ફરજીયાતપણું ન આવે કે નાણાંકીય પુરસ્કાર ન આવે તે બાબતે તકેદારી રાખવાની રહેશે.

બિડાણ :- સંદર્ભિત પત્ર.

તા.૦૪-૦૫-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

सत्यमेव जयते

ક્રમાંકઃ પ્રા.શિ.નિ./સંકલન/૨૦૧૯/૨૦૯૪-૨૧૪૭
પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી
બ્લોક નં. ૧૨/૧, ડૉ. જી. મ. ભવન
જુના સચિવાલય, ગાંધીનગર
તા. ૦૪/૦૫/૨૦૧૯

પ્રતિ,

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી-તમામ

શાસનાધિકારી – તમામ

વિષય: ધોરણ 2 ના વિદ્યાર્થીઓની શૈક્ષણિક ઉપલબ્ધિ માટે સ્વૈચ્છિક સમયદાન બાબત...

આપ સૌ સુવિદિત છો એ મુજબ ગત ફેબ્રુઆરીથી એપ્રિલ 2019 દરમિયાન ધોરણ 2 ના વિદ્યાર્થીઓને વાચન, લેખન, ગણનનાં મૂળભૂત કૌશલ્યો શીખવવા માટે નિદાન અને ઉપચારાત્મક શિક્ષણ કાર્યક્રમનો અમલ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત આપ સૌ તેમજ પ્રાથમિક શિક્ષણ સાથે સંકળાયેલ તમામે ખૂબ જ સરાહનીય કાર્ય કર્યું છે. જેના પરિણામે ધોરણ 2ના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિમાં ખૂબ જ સારો સુધારો જોવા મળ્યો છે.

આમ છતાં હજુ પણ કેટલાક વિદ્યાર્થીઓ વાચન, લેખન અને ગણનમાં અપેક્ષિત સિદ્ધિ પ્રાપ્ત કરી શક્યા નથી. ધોરણ 2 ના ઉપચારાત્મક શિક્ષણનો મૂખ્ય હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે આગામી વર્ષે ધોરણ 3 માં દાખલ થનાર એક પણ વિદ્યાર્થી એવો ન હોય કે જે વાચન, લેખન અને ગણનમાં અપેક્ષિત સિદ્ધિસ્તરે ન પહોંચ્યો હોય. આમ, હજુ પણ કેટલાક વિદ્યાર્થીઓને લીધે આપણો હેતુ પૂર્ણ રૂપે સિદ્ધ થતો નથી.

આગામી તારીખ 6 મે થી 10 જુન સુધી ઉનાળુ વેકેશન છે. તેથી જે વિદ્યાર્થીઓએ હજુ પણ અપેક્ષિત સિદ્ધિ પ્રાપ્ત નથી કરી તેવા વિદ્યાર્થીઓ આવતા વર્ષે ધોરણ 3 માં મુશ્કેલી ન અનુભવે એ માટે વેકેશન દરમિયાન તેઓને 25 દિવસ સુધી રોજના બે ક્લાકનું શૈક્ષણિક કાર્ય કરાવી શકીએ. માત્ર બીજા ધોરણના વિદ્યાર્થીઓ માટે સ્વૈચ્છિક ધોરણે શાળાઓ ચાલુ રહે તેમ કરી શકાય. આવા ઉમદા શૈક્ષણિક હેતુ માટે શિક્ષકો, નિવૃત્ત શિક્ષકો , CRC-BRC Co, બ્લોક રિસોર્સ પર્સન વગેરે સ્વૈચ્છિક રીતે સમયદાન કરે તેવી અપીલ છે.

આપશ્રી આપના જિલ્લાના ઉપરોક્ત તમામને આવી અપીલ કરો તેવી અપેક્ષા છે. આ અંતર્ગત એ ધ્યાન રાખશો કે કોઇ પણ તબક્કે કોઇ પણ વ્યક્તિ માટે કે શાળા માટે કશું પણ ફરજીયાત કરવાનું નથી. જે વ્યક્તિઓ આપણો હેતુ સમજીને સ્વૈચ્છિક રીતે સમયદાન કરવા તૈયાર હોય તેમને જ આ કાર્યમાં જોડવા વિનંતિ છે.

જો શાળાઓમાં ધોરણ 2 ના શિક્ષક સિવાયના વ્યક્તિ સમયદાન કરતા હોય તો બાળકોની શૈક્ષણિક સ્થિતિ- પ્રગતિ અંગે તેમણે ધોરણ -2 ના શિક્ષક સાથે દરરોજ રૂબરૂ અથવા ટેલિફોનિક પરામર્શન કરવું.

આપના જિલ્લાના સમયદાન કરનાર સ્વયસેવકોનાં નામ, મોબાઇલ નંબર, જે તે શાળાનું નામ , કયા સમય દરમિયાન ઉપચારાત્મક કાર્ય ચાલશે તે, વગેરે વિગતો તા. 10-5-19 સુધીમાં કમાંડ એંડ કંટ્રોલ સેંટર – એસ.એસ.એ. કચેરીને મોકલી આપવાની રહેશે. સમગ્ર કાર્યક્રમનું સામયિક રિપોર્ટિંગ અને મોનિટરિંગ કરી શકાય.

સ્વૈચ્છિક સમયદાન કરવા તૈયાર તમામ વ્યક્તિઓને અત્રેથી બાયસેગના માધ્યમથી માર્ગદર્શન આપવામાં આવશે તથા સારા હેતુ માટે તેમણે કરેલા કાર્ય બદલ પ્રશસ્તિપત્ર આપવામાં આવશે. આ સમગ્ર ઉપક્રમ તદ્દ્ન સ્વૈચ્છિક ધોરણે હોવાથી કોઇ જગ્યાએ ફરજીયાતપણું ન આવે કે નાણાકીય પુરસ્કાર વગેરે ન આવે તે બાબતે તકેદારી રાખવા વિનંતિ છે.

| | | |
|---|---|---|
| નિયામક | નિયામક | એડીશનલ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર |
| જીસીઇઆરટી | પ્રાથમિક શિક્ષણ | સમગ્ર શિક્ષા અભિયાન |
| ગાંધીનગર | ગુજરાત રાજ્ય | ગાંધીનગર |

નકલ સવિનય રવાના (જાણ સારું) :

- માન. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, નવા સચિવાલય, ગાંધીનગર
- માન. રા. ક. મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, નવા સચિવાલય, ગાંધીનગર
- માન. સચિવશ્રી-પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, સચિવાલય, ગાંધીનગર
- માન. એસ.પી. ડી.શ્રી, સમગ્ર શિક્ષા અભિયાન, ગાંધીનગર